# હીરા ઉદ્યોગની નવી ટેકનોલોજીની જાણકારી માટે શહેરમાં બે દિવસીય પ્રદર્શનનું આયોજન

સુરત, ગુરૂવારઃ ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ માટે સી.આઈ.આઈ. (કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ) દ્વારા જવેલટેક ૨૦૦૮ એક્ઝીબીશન કમ કોન્ફરન્સનુ ૧૯-૨૦ જુલાઈના ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.

## ઈન્ડોર સ્ટેડીયમ ખાતે કાલથી 'જવેલ-ટેક ૦૮'નો પ્રારંભ થશેઃ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, ટેકનોલોજીનો વિનિયોગ વિગેરે પાસાઓ ઉપર પરિસંવાદ પણ યોજાશે

જવેલટેક ૨૦૦૮ દેશમાં એક માત્ર સર્વગ્રાહી ટેકનોલોજી શો છે જેમાં ડાયમંડ મેન્યુફેક્ચરીંગના વિવિધ પાસાઓ અને ઈન્ફોરમેશન ટેકનોલોજી સોલ્યુશન્સ ઉપલબ્ધ બનશે. આ બી ટુ બી (બિઝનેસ ટુ બિઝનેસ) પ્રદર્શનમા અદ્યતન ડાયમંડ મશીનો અને સાધનો જેવા કે લેસર મશીનો, બ્રુટીંગ મશીનો, માર્કિંગ સીસ્ટમ, પ્લાનિંગ મશીનો વગેરે તથા ડાયમંડ ઈન્ડસ્ટ્રી માટે સોફ્ટવેર સોલ્યુશન્સ, કોમ્પ્યુટર સર્વર અને હાર્ડવેર વગેરે આઈ.ટી. બનાવટો પ્રદર્શિત કરાશે. પ્રદર્શનમાં વિશ્વ સ્તરની મશીન ઉત્પાદક કંપનીઓ અને આઈ.ટી. સર્વર પ્રોવાઈડર્સ સહિત ભારત અને વિશ્વની કંપનીઓ ભાગ લઈ રહી છે.



(તસવીરઃ કનૈયા પાનવાલા)

સંઘવી એક્ષપોર્ટસના ડિરેકટર અને જવેલટેક ૨૦૦૮ના ચેરમેન આગમ સંઘવીએ કહ્યુ હતુ કે ડાયમંડ ઈન્ડસ્ટ્રી હાલમા ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે. ત્યારે જવેલટેક ૨૦૦૮ સુરતમા આ ઈન્ડસ્ટ્રીને યોગ્ય ટેકનોલોજી અને વધુ સારી વહીવટી પધ્ધતિ અપનાવવામાં સહાયરૂપ બનશે.

જવેલટેક ૨૦૦૮ના ઉપક્રમે બે દિવસ સાંજે કોન્ફરન્સ પણ યોજાશે. જેમાં સુરતના ડાયમંડ ઈન્ડસ્ટ્રી ખર્ચમાં ઘટાડો અને નફામાં વધારો કરવા વધુ સારી અને ઉત્પાદક મેન્યુફેક્ચરીંગ ટેકનોલોજીસ અને વધુ સારી આઈ.ટી. તથા મેનેજમેન્ટ લીડરશીપ પધ્ધતિ કેવી રીતે અપનાવી શકે તે બાબતે પ્રકાશ પાડવામાં આવશે. કોન્ફરન્સમા ખાસ પેનલ દ્વારા ચર્ચા થશે.

જવેલટેક ૨૦૦૮ કોન્ફરન્સમાં પરાગ શાહ (કે. ગીરધરલાલ) સિધ્ધાર્થ મહેતા (શેરૂ જેમ્સ), જનક મીસ્ત્રી (લેક્ષસ), કિશોર વિરાણી (કાર્પ ઈમ્પેક્ષ), હિતેશ શાહ (વિનસ જવેલ્સ) અને અરવિંદ પટેલ (સહજાનંદ લેસર) વગેરે વક્તવ્ય આપશે. ક્રીસ્ટીના એન્ડરઝાક (બેટનવીલ) માર્ક થોમસન (એચ.આર.ડી.) અને ઝીવ લેસમ (સી.ઈ.ઓ., સરી) વગેરે વિદેશી વક્તાઓ પણ ઉદબોધન કરશે.

પ્રદર્શનમાં ૬૦થી વધુ સ્ટોલ્સ છે અને દેશભરમાંથી આવેલા ૩૫થી વધુ પ્રદર્શનકારો ભાગ લઈ રહ્યા છે. સહજાનંદ લેસર ટેકનોલોજી લી. અને પોલીકોમ પ્લેટીનમ સ્પોનશર્સ છે. બેટનવીલ ગોલ્ડ સ્પોનશર્સ અને સહજાનંદ ટેકનોલોજી (પ્રા.લિ.) લેમન ટેકનોમિસ્ટ પ્રા. લી., માઈક્રોસોફ્ટ પ્રોજેક્ટ વિકાસ, કોહીનુર ટેકનો. મશીન્સ લી. સિલ્વર સ્પોનશર્સ છે. અન્ય મહત્વના પ્રદર્શનકારોમાં સ્ટેનલી એન્જીનયરીંગ વર્કસ, સરીન, ઓ.જી.આઈ. સીસ્ટમ્સ લી., એસ્ટીમ ડાયમંડ પ્રા. લી., રાજ ટેકનોલોજીસ વગેરેનો સમાવેશ થાય છે. સહજાનંદ લેસર ટેકનોલોજી લી. એનર્જી એફીશયન્ટ હોલમાર્ક કોમ્બી મશીન અને એલવા-એક્ષ.આર.એફ. ગોલ્ડ પ્યોરીટી ટેસ્ટીંગ મશીન (વિશ્વનું સૌથી નાનુ ગોલ્ડ ટેસ્ટીંગ મશીન) જે સુરતમાં પ્રથમ વખત રજૂ કરાઈ રહ્યુ છે તે બજારમા મૂકશે.

---

## ...લર્સમાં લૂંટનું ...વાસી ઝડપાયા

...ી બે દેશી તમંચા, પાંચ નંગ કાર્ટીસ, બે છરા, ...ા નકશો તથા પ્લાસ્ટીકની દોરી સહિતનાં ...પી પાડવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલા ...ણ શાકભાજીનો ધંધો કરે છે.

## ...શો-રૂમનાં નકશા સાથે ...ારમાંથી ઝડપી લીધી

...કરવાની યોજના હોવાની કબુલાત કરી હતી.

લૂંટ કરવા માટે ક્રમેલા દરવાજા

સ જ ય ન ગ ર